મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
પંચમહાલ સમાચાર

# ખાનપુર તાલુકામાં ઉતરાયણ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરાઈ

ખાનપુર, ખાનપુર તાલુકાથી માંડી ગ્રામ્ય વિસ્તારોમાં પતંગના રસીયાઓ અને સામાન્ય લોકો જેની ઉત્સુકતા પૂર્વક રાહ જોતા હતા. તે ઉતરાયણની શાનદાર રીતે અને પરંપરાગત રીતે ઉંધીયું જલેબી ઝાપટી ઉજવણી કરી હતી અને એ કાપ્યો.. લપેટની ધૂમ ખાનપુર માં ચારે બાજુ જોવા મળી હતી.ખાનપુરમાં ઉતરાયણની સવારે ગાયને ઘઉંની ઘુઘરી તથા ઘાસ ખવડાવી શરૂઆત કરાઈ હતી. ખાનપુરના મકાનોના ધાબા ઉપર ગોઠવેલા સ્પીકરો માં વાગતી ફિલ્મી ધૂનોથી વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું. પતંગ રસિયાઓ સવારથી જ આકાશી યુધ્ધ માટે મકાનોના ધાબા ઉપર ચઢી ગયા હતા. ઉતરાયણ પર્વે આદર્શ પવન રહેવાથી પતંગ રસિયાઓને પતંગ ચગાવવામાં મજા પડી હતી. ગૃહિણીઓએ પણ ઘરના કામ કાજ પતાવી ધાબા પર ધામા નાખ્યા હતા અને ધાબા પર જઈ લીલવા કચોરી, ઉંધીયું ફાફડા જલેબી તલના લાડુ ચીકીઓ જામફળ વિગેરેની લિજ્જત સાથે મોજ માણી હતી. ત્યારે બીજી તરફ ખાનપુરમાં દુકાનો પર ઉંધીયું જલેબી ફાફડા તેમજ લીલવા કચોરી માટે સવારથી જ લાંબી લાઈનો જોવા મળી હતી. આમ, સાંજ સુધી ઉતરાયણનો આનંદ મનાવ્યો હતો.



ખાનપુર સહિત તાલુકામાં ગાત્રો થીજાવતી ઠંડીથી રક્ષણ મેળવવા પ્રજાજનો તાપણાંના સહારે જોવા મળી રહ્યા છે. ખાનપુર પંથકમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ગાત્રો થીજાવતી ઠંડીનું જોર વધતાં જનતાને આખો દિવસ ગરમ વસ્ત્રો પહેરવાની તથા રાત્રીના તેમજ વહેલી સવારે તાપણાં કરવાની ફરજ પડી છે. ઠંડા પવનોની શીત લહેર વધી જતાં ઠંડીનો ચમકારો વધી ગયો છે. ખાનપુરમાં પણ લોકોને આખો દિવસ સ્વેટર, જેકેટ વગેરે ગરમ વસ્ત્રો પહેરવાની ફરજ પડી છે. તેમજ નગરના યુવાધન રાત્રીના ઠેક ઠેકાણે તાપણાં સળગાવી ઠંડી સામે રક્ષણ મેળવી રહ્યા છે.



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર નગરમાં નેચર હેલ્થ ફાઉન્ડેશન દ્વારા ઘાયલ પક્ષીઓને આજરોજ સારવાર કરવામાં આવેલી હતી. સંતરામપુર નગરમાં ઉતરાયણ પર્વે દોરી પતંગ થી ઘાયલ થયેલા પક્ષીઓ અને નેચર હેલ્પ ફાઉન્ડેશન દ્વારા અલગ અલગ વિસ્તારોમાં ફરીને ઘાયલ પક્ષીઓને શોધીને પશુ દવાખાના માં આવી તમે સારવાર કરવામાં આવેલી હતી. મયુર ડામોર, સતીશ ડામોર સતત ત્રણ દિવસથી તેમની ટીમ દ્વારા આ કામગીરી હાથ ધરવામાં આવેલી હતી.

# મહિસાગર જિલ્લા કક્ષાના એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલમા મને ગમતી શાળા નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના બે શિક્ષકોએ પોતાના નવતર પ્રયોગો રજુ કર્યા



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સંતરામપુર આયોજિત, જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, પ્રાથમિક, માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ પરિવાર તથા ડાયેટ સંતરામપુર, સમગ્ર શિક્ષા અભિયાન, જિલ્લા શિક્ષણ સમિતિ મહીસાગરના સહયોગથી તથા રમીલાબેન ડામોર પ્રમુખ જિલ્લા પંચાયત મહીસાગરના અધ્યક્ષપણા અને જિજ્ઞેશભાઇ સેવક ધારાસભ્ય લુણાવાડાના ઉદઘાટન હેઠળ સાતમો એજ્યુકેશનલ ઈનોવેશન ફેસ્ટિવલ તાજેતરમાં લુણાવાડાના વેદાંત એજયુકેશનલ કેમ્પસમાં યોજાયો.જેમાં સમગ્ર જિલ્લાના કુલ ૫૮ જેટલા નવતર પ્રયોગો શિક્ષક મિત્રો દ્વારા રજુ કરવામાં આવેલ.

જિલ્લાની પ્રાથમિક અને માધ્યમિક શાળાના શાળા કક્ષાએ નવતર પ્રયોગો હાથ ધરી શિક્ષણ પ્રક્રિયાને સક્રિય બનાવનાર શિક્ષક મિત્રોને પ્રોત્સાહન મળી રહે અને મુલાકાતી શિક્ષકોને પોતાની શાળામાં નવતર પ્રયોગ કરવા માટે નવી દિશા મળી રહે તેવા આશયથી મહિસાગર જિલ્લાના કુલ ૫૮ જેટલા શિક્ષકોએ પોતાના નવતર પ્રયોગો રજુ કરેલ. તે પૈકી સંતરામપુર તાલુકાની પાદરી ફળીયા પે સેન્ટરની મને ગમતી શાળા – નરસીંગપુર મુખ્ય પ્રાથમિક શાળાના બે શિક્ષકોએ પોતાના ઈનોવેશન આ બે દિવસીય ફેસ્ટિવલમાં રજુ કરેલ.

શાળાના શિક્ષક સુરેશચંદ્ર ભાવસારે રમત અને રમકડાં દ્વારા પ્રજ્ઞા વર્ગનું ગણિત શિક્ષણ વિષય અંતર્ગત પોતે પોતાના દૈનિક શૈક્ષણિક કાર્યમાં અને શેરી શિક્ષણ દરમ્યાન શૈક્ષણિક કાર્ય કરાવતી વખતે કરાવેલ રમતો અને ઉપયોગમાં લીધેલ રમકડાંનું પ્રત્યક્ષ નિદર્શન કરી બતાવેલ. શાળાના બીજા શિક્ષક રમેશકુમાર બદામીલાલ ચૌહાણે QR Code દ્વારા નિહાળો મારી શાળાની Digital Documentry અને Youtube વીડિઓ વિષય અંતર્ગત પોતાનું ઈનોવેશન રજુ કરેલ. જેમાં શાળાની વાર્ષિક અભ્યાસિક અને સહ અભ્યાસિક પ્રવૃત્તિઓના ફોટોગ્રાફ અને અહેવાલની સોફ્ટ કોપી અને ડ્રાઈવનો ઉપયોગ કરી અને QR Code બનાવીને શાળાની તમામ વાર્ષિક પ્રવૃત્તિઓના ફોટો અને અહેવાલને એક જ QR Code માં સ્કેન કરી જોઈ શકાય. અમારી શાળાની ગયા વર્ષની સમગ્ર પ્રવૃત્તિઓની પાંચ ફાઈલો હતી જ્યારે આ વર્ષની ૬૦ કરતા વધુ પ્રવૃત્તિઓનો સમાવેશ માત્ર પાંચ જ પેજમાં (યુટ્યુબના વીડિયોની લિંક સાથે) કરી પેપરલેસ કામગીરીનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડેલ.આ ઈનોવેશન રજુ કરવા માટે ડી.આઈ.સી ઓમેગા પાંડવ, કે.આર.પી શૈલેષભાઇ પટેલ, આઈ.સી.ટી કે. આર.પી અને જિલ્લાના એસ. આઈ ઈમરાનભાઈ વીજાપુરાએ ખુબ માર્ગદર્શન પૂરૂં પાડેલ. આ બે દિવસીય ઈનોવેશન ફેસ્ટિવલનો સમગ્ર જિલ્લાના ધોરણ ૬ થી ૧૨ ના શિક્ષકોએ કોવિડ ૧૯ની ગાઈડલાઈન મુજબ પ્રત્યક્ષ લાભ લીધેલ.

# કાંકણપુર ખાતે ઉત્તરાયણના તહેવારમાં ઘાયલ થયેલાં પક્ષીઓની સારવાર કરવામાં આવી



ગોધરા, ગોધરા તાલુકાના કાંકણપુર ગામમાં ઉતરાયણ તહેવાર નિમિતે પતંગના દોરાથી ઘાયલ થયેલ પશુ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુથી પંચમહાલ જિલ્લા સેવા સુરક્ષા સેતુ અંતર્ગત કાંકણપુર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર હસમુખભાઈ પટેલ તેમજ પોલીસ સ્ટેશનના સ્ટાફ તેમજ મેડિકલ ટીમ અને જય હિન્દ સેવા મંડળના સભ્યોના સહિયારા પ્રયાસથી પતંગના દોરાથી ઘાયલ થયેલ પશુ પક્ષીઓને તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુ થી એક સારવાર કેન્દ્ર ઉભું કરવામાં આવ્યું હતું. તેમાં ઘાયલ થયેલ પક્ષીઓની સારવાર કરવામાં આવી હતી. ઘાયલ પક્ષીઓને વધુ સારવારની જરૂર પડતા જીવદયા ધામ પાંજરાપોળ પરવડી ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. ત્યાર બાદ રસ્તામાં બાઈક ઉપર અવર જવર કરતા વ્યક્તિઓ પણ દોરાથી ઘાયલ થયા હતા. તેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરી સારવાર કરવામાં આવી હતી. તેમજ ગરીબ વ્યક્તિઓ ને આ ધર્મના તહેવાર પર નાસ્તો તેમજ કપડાંનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# પંચમહાલ યુવા ક્ષત્રિય સેના દ્વારા તરસંગના યુવા ખેલાડી વિરેન્દ્રસિંહ સોલંકીને સન્માનિત કરાયા



શહેરા, શહેરા તાલુકાના તરસંગ ગામના વતની વિરેન્દ્રસિંહ સોલંકીએ રાષ્ટ્રીયકક્ષાની દોડસ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરતા અભિનંદનની જાણે પુષ્પવર્ષા થઈ રહી છે. શનિવારના રોજ તરસંગ ગામના ગ્રામજનો દ્વારા ભવ્ય સ્વાગત બાદ રવિવારના રોજ પંચમહાલ યુવા ક્ષત્રિયસેના સંગઠનના કાર્યકર્તાઓ દ્વારા મુલાકાત લઈને ક્ષત્રિય સમાજનુ નામ રોશન કરવા બદલ શુભકામનાઓ પાઠવામા આવી હતી.

પંચમહાલ જીલ્લાના શહેરા તાલુકાના તરસંગ ગામના વતની વિરેન્દ્રસિંહ સોલંકીએ હરિયાણા ખાતે યોજાયેલી ૫ કિલોમીટર લાબી દોડ સ્પર્ધામાં અવ્વલ નંબર પ્રાપ્ત કર્યો છે. આ યુવા ખેલાડીને શહેરા તાલુકામાંથી અભિનંદન પાઠવામા આવી રહ્યા છે. પંચમહાલ યુવા ક્ષત્રિય સેનાના યુવા હોદ્દેદારો અને કાર્યકર્તાઓ દ્વારા તરસંગ ખાતે વિરેન્દ્રસિંહના નિવાસસ્થાને જઈને શુભેચ્છા મુલાકાત કરવામા આવી હતી. રાષ્ટ્રિય કક્ષાની સ્પર્ધામાં ક્ષત્રિય સમાજનું ગૌરવ વધારવા બદલ ભાથીજી મહારાજનું તૈલચિત્ર ભેટ આપીને અભિનંદન પાઠવામા આવ્યા હતા યુવા ક્ષત્રિય સેનાના સન્માન બદલ વિરેન્દ્રસિંહ અને તેમના પરિવાર દ્વારા આભાર પ્રગટ કરવામાં આવ્યો હતો.આ સન્માન કાર્યક્રમમાં ક્ષત્રિય સેનાના પંચમહાલ જીલ્લા ઉપપ્રમુખ ગોપાલસિંહ ઉપપ્રમુખ હિતેશસિંહ, સેના સંયોજક નરેન્દ્રસિંહ પરમાર અને શહેરા તાલુકાના પ્રમુખ વિશાલસિંહ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર નગરમાં આયુષ્યમાન અને શ્રમકાર્ડ કાઢવાની કામગીરી શરૂ કરાઈ



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં વિકાસ મંચ દ્વારા ભારત આયુષ્યમાન અને શ્રમ યોજનાનું કાર્ડ કાઢવાની કામગીરી હાથ ધરાઈ હતી. સંતરામપુર નગરમાં વિકાસ મંચ દ્વારા ભારત આયુષ્યમાન કાર્ડ કાઢવાનો સેકસી કેમ્પનું આયોજન કરવામાં આવેલું હતું. જેમાં આજરોજ ૩૦૦ ઉપરાંત લાભાર્થી હોય તેનો લાભ લીધો હતો. શ્રમ યોજના કાર્ડમાં ૪૪ જેટલા લાભાર્થીઓને લાભ લીધો હતો. આ કેમ્પમાં સંતરામપુર વિકાસ યોજના સહયોગથી કેમ્પ રાખીને કામગીરી હાથ ધરવામાં આવી હતી.

# દાહોદના ગોદી રોડ વિસ્તારમાં ઉત્તરાયણના દિવસે ધાબા ઉપર બુમાબુમ કરવાની ના પાડતા છ ઈસમો દ્વારા મારક હથિયારથી ધીંગાણું કર્યુ

દાહોદ, દાહોદ શહેરના ગોદી રોડ વિસ્તાર ખાતે ગતરોજ ઉતરાયણના દિવસે ધાબા ઉપર પતંગ ચગાવતી વખતે અન્ય યુવકો પતંગ ચગાવતી ચગાવતાં હતાં. ચીચીયારીઓ અને બુમાબુમ કરતાં હોય આ મામલે અન્ય ધાબા ઉપર પતંગ ચગાવતાં અન્ય વ્યક્તિઓએ આવું ન કરવા જણાતાં ૫ થી ૬ જેટલા ઈસમોએ પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પતંગ ચવાગી રહેલ વ્યક્તિના ઘર તરફ આવી એકદમ ઉશ્કેરાઈ જઈ લોખંડની પાઈપ વડે બે જણાને માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી લોહીલુહાણ કરી મારી નાંખવાની ધમકીઓ આપી ટોળું નાસી જતાં સાંજના સમયે બનેલ આ બનાવને પગલે વિસ્તારમાં ભયનું વાતાવરણ ઉભુ થઈ ગયું હતું. આ મામલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી આરોપીઓના ધરપકડના ચક્રોગતિમાન કર્યાં છે.ગતરોજ ઉતરાયણ પર્વના દિવસે સાંજના ૬ વાગ્યાના આસપાસ દાહોદ શહેરના ગોદીરોડ વિસ્તાર ગણેશ સોસાયટી ખાતે રહેતાં દર્શિષ જગમોહન દિવાકર તથા તેમના પરિવારજનો પતંગ ચગાવી રહ્યાં હતાં. આ દરમ્યાન તેમના ઘરની પાછળ આવેલ આવકાર સોસાયટીમાં રહેતાં સોહીલ મજીદ છીપા ચીચીયારીઓ પાડતો હતો. જેથી દર્શિષભાઈના ભાઈ પિન્ટુ ભાઈએ સોહીલને કહેલ કે, બુમો નથી પાડો, અમારી બહેન અમારી સાથે છે. ત્યારે સોહીલ તથા તેની સાથેના માણસો, ઈમ્તીયાઝ સોકતઅલી સૈયદ, સંજય કૈલાશ ભાટીયા તથા આવેશ સોકતઅલી સૈયદ, રાજાભાઈ શંકરભાઈ કાછીમાળી અને નિતેશ નન્નુભાઈ ભાભોરનાઓએ ગેરકાયદેસર મંડળી બનાવી પોતાની સાથે લોખંડની પાઈપ લઈ દર્શિષ જગમોહન દિવાકરની ઘરની નીચે આવી ગયાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તમે લોકો કોને ચુપ રહેવા કહો છો, આજે તો બધુ સળગશે, તેમ કહી એકદમ ઉશ્કેરાયા હતાં અને ઈમ્તીયાઝે તેના હાથમાંની પાઈપ દર્શિષભાઈને માથામાં તથા જમણા ખભા ઉપર મારી હતી અને દર્શિતભાઈના ભાઈ હિમાંશુભાઈને આવેશ શોકતઅલી સૈયદે હાથમાંના લોખંડના સળીયાથી માથામાં મારી ચામડી ફાડી નાંખી લોહી લુહાણ કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી અને ગડદાપાટ્ટુનો માર મારી આજે તો તમે બચી ગયાં છો, બીજીવાર અમારી સાથે માથાકુટ કરશો તો, મારી નાંખીશું તેવી ધાકધમકીઓ આપી નાસી ગયાં હતાં. ગંભીર ઈજાગ્રસ્ત દર્શિષભાઈ અને તેમના ભાઈ હિમાંશુને નજીકના દવાખાને હાલ સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. આ સંબંધે દાહોદ શહેર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હેલ્થ ટીપ્સ

### કમરના દુઃખાવાથી પરેશાન છો? તો અપનાવી લો ૩ સરળ ઘરેલૂ ઉપચાર



જો તમે પણ કમરના દુખાવાની સમસ્યાથી પરેશાન છો તો આ સરળ ઘરેલું ઉપાય અપનાવો. તેઓ કમરના દુખાવાની સમસ્યામાં રાહત આપશે.

::- હળદર-દૂધ -::

જો કમરના દુખાવા અને શરીરના દુખાવાની સમસ્યા તમને વારંવાર પરેશાન કરતી હોય તો હળદર અને મધ ઉમેરીને એક ગ્લાસ ગરમ દૂધ પીવો. આનાથી કમરનો દુખાવો, શરીરનો દુખાવો અને શરદી અને ફ્લૂમાં રાહત મળશે.

::- આદુ ચા -::

આદુનું સેવન સ્વાસ્થ્ય માટે પણ ફાયદાકારક માનવામાં આવે છે. શરદી-ફ્લૂ સિવાય આદુની ચા પીઠના દુખાવાની સમસ્યામાં પણ રાહત આપશે.

::- નાળિયેર તેલ -::

નારિયેળ તેલમાંથી બનેલા ખોરાકનું સેવન સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક રહેશે. બીજી તરફ નારિયેળના તેલમાં કપૂર નાખીને માલિશ કરવાથી પણ ફાયદો થશે. તેનાથી કમરના દુખાવા અને શરીરના દુખાવાની સમસ્યામાં રાહત મળશે.

# નવ યુગલો આનંદો! જુલાઈ ૨૦૨૨ સુધી ૪૦ શુભ મુહૂર્તો, ગાઈડલાઈન્સ સાથે લગ્નપ્રસંગ યોજવા એક પડકાર

અમદાવાદ, ગુજરાતમાં છેલ્લા ૩ સપ્તાહથી કોરોનાના કેસનો રાફડો ફાટયો છે. આ સ્થિતિમાં હવે લગ્ન સમારોહ કઈ રીતે યોજવા? લગ્નસમારોહ ધામધૂમથી થઈ શકશે કે કેમ? કેટલા અતિથિઓને આમંત્રણ આપવું ? મર્યાદિત અતિથિઓની જ ઉપસ્થિતિ હોય તો પાર્ટી પ્લોટ-હોલના બૂકિંગ તોતિંગ ભાડા અત્યારથી જ ચૂકવવા કે કેમ તેને લઈને લગ્નપ્રસંગનું આયોજન કરનારા વિમાસણમાં મૂકાઈ ગયા છે.

વર્ષ ૨૦૨૨માં દિવાળી સુધી લગ્નના કુલ ૪૦ મુહૂર્ત છે. જેમાં જાન્યુઆરીમાં સૌથી વધુ ૧૦, ફેબ્રુઆરીમાં ૮ મુહૂર્તનો સમાવેશ થાય છે. આ પછી જુલાઈમાં સૌથી વધુ ૬, એપ્રિલ-જૂનમાં ૪-૪, મેમાં ૩ જ્યારે માર્ચમાં માત્ર ૩ મુહૂર્ત છે. હાલની સ્થિતિએ વિશેષ કરીને જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં લગ્ન સમારોહને કઇ રીતે યોજવા તેની સામે પ્રશ્નાર્થ મૂકાયો છે.

**આગામી ૭ મહિનામાં લગ્નના મુહૂર્ત**

જાન્યુઆરીઃ ૧૫, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ . ફેબ્રુઆરીઃ ૫, ૬, ૯, ૧૦, ૧૧, ૧૬, ૧૭, ૧૯. માર્ચ : ૪ , ૮ ,૨૦. એપ્રિલ : ૧૪, ૧૭, ૨૧, ૨૨ .મે : ૧૧, ૧૨, ૧૮, ૨૦ , ૨૫ .જૂનઃ ૧૦, ૧૨, ૧૫, ૧૬.જુલાઈઃ ૩, ૬, ૮, ૧૦, ૧૧ ૧૪.

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.),નોકરીમાં પ્રમોશનના યોગ જણાય છે,શેર સટ્ટાથી દૂર રહેવું-નુકસાન કરાવશે,ખર્ચાઓ ઉપર નિયંત્રણ રાખવું,કૌટુંબિક પ્રશ્નોમાં સારુ સમાધાન મળશે

વૃષભ (બ.વ.ઉ.),દાંપત્યજીવનમાં અણબનાવો દૂર થશે,મકાન વાહન ખરીદવાનો અવસર મળશે,તબીયતની બાબતમાં કાળજી રાખવી,વિદ્યા માટે બહાર જવાનું આયોજન કરી શકો

મિથુન (ક.છ.ઘ.),નોકરીયાત વર્ગને જવાબદારીમાં વધારો થશે,માનસિક તનાવમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો,યાત્રા પ્રવાસથી લાભની સંભાવના,વિવાહ બાબતના પ્રશ્નોમાં સફળતા મળે

કર્ક (ડ.હ.),ભાગીદારીવાળા ધંધામાં લાભ થાય,પ્રેમ પ્રસંગોમાં સાનુકૂળતા જણાય,વાહન ધીમેથી ચલાવવું-કામ શાંતિથી કરવું,ધાર્મિક લોકો માટે વિદેશયોગની સંભાવના

સિંહ (મ.ટ.),પ્રશંસનીય કાર્ય થવાની સંભાવના છે,કૌટુંબિક સબંધોમાં સુધારો જોવા મળે,ધંધામાં પ્રગતિના યોગ જણાય છે,વિશ્વાસઘાત અને છેતરામણીથી બચવું

કન્યા (પ.ઠ.ણ.),સંતાનોની ચિંતામાં સમાધાન મળશે,અજાણ્યા લોકો સાથે રોકાણમાં ધ્યાન રાખવું,ખેડૂતો માટે સારો સમય જણાય છે,બદલી બઢતી કે સ્થળાંતરના યોગ બને છે

તુલા (ર.ત.),આર્થિક બાબતે સંકળામણ અનુભવશો,ઉઘરાણી ઉપર પૂરતુ ધ્યાન આપવું,સંતાનોના પ્રશ્નોમાં ચિંતા જણાશે,સરકારી તંત્ર વિરોધીઓથી સાવધાન રહેવું

વૃશ્ચિક (ન.ય.),કૌટુંબિક પ્રેમભાવમાં વૃદ્ધિ થશે,નવી ઓળખાણો દ્વારા લાભ થશે,નોકરીમાં પ્રમોશનની શક્યતા જણાય છે,ઓચિંતા મુશ્કેલી આવવાની સંભાવના છે

ધન (ભ.ધ.ફ.ઢ.),આપના મનમાં ઉચાટ ઉદ્વેગ રહ્યા કરશે,માનસિક અશાંતિનો અનુભવ થશે,દાંપત્યજીવનમાં સાધારણ તણાવ જણાશે,નોકરીયાતને સમય અનુકૂળ જણાશે

મકર (ખ.જ.),રોકાયેલા અધુરા કાર્યો પૂરા થશે,આર્થિક સંકળામણ ઓછી થશે,વિરોધીઓ કાવાદાવામાં નિષ્ફળ જશે,રાજકીય ક્ષેત્રમાં સાચવીને ચાલવું

કુંભ (ગ.સ.શ.ષ.),સકારાત્મક વિચારોથી સારો લાભ થશે,વેપાર ધંધામાં સારો લાભ જણાશે,મનની મુંઝવણમાં સામાન્ય વધારો થશે,નાણાકીય રોકાણ કરવામાં સાવધાની રાખવી

મીન (દ.ચ.ઝ.થ.),આર્થિક સંકળામણ દૂર કરવાના રસ્તા મળશે,પ્રવાસ અને નવી મુલાકાતથી લાભ જણાશે,દાંપત્યજીવનમાં મતભેદ ઉભા થવાની સંભાવના,પ્રેમ પ્રસંગોમાં પ્રતિકૂળતા જણાય

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દાહોદ શ્રીરામ કો.ઓ. ક્રેડીટ સોસાયટીની વ્યવસ્થાપક સમિતીની ચુંટણી યોજાઈ

દાહોદ, દાહોદ શહેરમાં શ્રીરામ – કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની વ્યવસ્થાપક સમિતિના સભ્યો માટે આજે ચુંટણી યોજાઈ હતી. જેમાં આજે મતદાન થયું હતું. સભાસદ મતદારો આજે વહેલી સવારથીજ મતદાન કરવા ઉમટી પડ્યાં હતાં. મતદારોનો ભારે ઘસારા વચ્ચે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો.શ્રીરામ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની વ્યવસ્થાપક સમિતિના સભ્યો માટે વહેલી સવારના મતદાન સમય અનુસાર શરૂ થયું હતું. આ ચુંટણીમાં ૧૦ જેટલા ઉમેદવારો મેદાનમાં હતા ત્યારે અગાઉ ૦૨ મહિલા, ૦૧ પુરૂષ સહિત ૦૩ ઉમેદવારો બિનહરીફ થયાં હતાં. ૯,૫૦૦ ઉપરાંક લભાસભ મતદારો મતદાન કરવા વહેલી સવારથી મતદાન મથકે પહોંચી ગયાં હતાં. મતદારોનો ભારે ઘસારો જોઈ ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. સાંજના ૦૬ વાગ્યા સુધી મતદાન યોજાનાર છે.

## શ્રી રામ – કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીની ચુંટણીમાં કોરોનાની સરકારની ગાઈડ લાઈનનું લીરેલીરે ઉડ્યાં

વહેલી સવારથી મતદારોના ભારે ઘસારો જોવા મળ્યો હતો પરંતુ અહીંની પરિસ્થિતિ જોઈ સૌ કોઈ અચંબામાં મુકાઈ ગયાં હતાં. મતદાન મથક સહિત આસપાસના વિસ્તારોમાં સોશીયડસ ડિસ્ટન્સના ધજાગરા ઉડ્યાં હતાં. ટોળે ટોળા જોવા મળ્યાં હતાં. ઘણા લોકોએ ન તો માસ્ક પહેર્યું હતું અને ન તો સોશિયડલ ડિસ્ટન્સ જાણવ્યું હતું. મતદાન મથકની અંદર પણ સોશિયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો હતો. સેનેટરાઈઝ સહિતની અસુવિધા પણ જોવા મળી હતી. આ સમગ્ર માહોલ વચ્ચે બંદોબસ્તમાં ઉભેલ પોલીસ જાણે મુક પ્રેક્ષક બની સમગ્ર દ્રશ્યો જોઈ રહ્યાં હતાં પરંતુ કોઈએ પણ કોઈ જાતની કાર્યવાહી ન ધરતાં પસાર થતાં લોકોમાં અનેક સવાલો ઉભા થવા માંડ્યાં હતાં.આમ, તો દાહોદ પોલીસ કોઈ લગ્ન પ્રસંગ હોય કે કોઈ અન્ય કાર્યક્રમો હોઈ ત્યાં સરકારના નિયમોનું પાલન કરાવવા પહોંચી જાય છે, પરંતુ આજની ચુંટણી સ્થળ પર પોલીસ મુક પ્રેક્ષક બની રહી હતી. દાહોદમાં હાલ કુદકેને ભુસકે કોરોનાના કેસો વધી રહ્યાં છે. છેલ્લા બે દિવસની અંદર દાહોદમાં ૭૨ જેટલા કોરોના પોઝીટીવ કેસો આવ્યાં છે અને ખાસ કરીને મોટા ભાગના અને વધારે કેસ તો દાહોદ અર્બન વિસ્તારમાંથી સામે આવ્યાં છે ત્યારે ક્યાંકને ક્યાંક લોકોની કોરોના સંક્રમણ પ્રત્યેની લાપરવાહ અને પોલીસ તંત્ર, વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્રની નિષ્ફળ કામગીરી અને કડકાઈના અભાવે કેસો વધી રહ્યાં હોવાના પણ લોકોમાં ચર્ચાઓએ જોર પકડ્યું હતું.

# દાહોદ જીલ્લા વિકાસ અધિકારીએ કરૂણા અભિયાનની મુલાકાત લઈ સમીક્ષા કરી



દાહોદ, ૧૪-૦૧-૨૦૨૨ ના રોજ ‘‘કરૂણા અભિયાન-૨૦૨૨’’ અંતર્ગત દાહોદ જિલ્લાના તાલુકા પશુદવાખાના-દાહોદ ખાતે તેજસ પરમાર(IAS),જિલ્લા વિકાસ અધિકારી, દાહોદ દ્વારા કરૂણા અભિયાન સેન્ટરની મુલાકાત લેવામાં આવી હતી, તેમજ કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.સદર કરૂણા અભિયાન સેન્ટર ખાતે ડો. કે.એલ.ગોસાઈ, નાયબ પશુપાલન નિયામક,જિલ્લા પંચાયત,દાહોદ, આર.એમ.પરમાર, નાયબ વન સંરક્ષક, દાહોદ, પશુપાલન વિભાગના પશુચિકિત્સા અધિકારીઓ-કર્મચારીઓ, વનવિભાગના કર્મચારીઓ તથા જિલ્લા ખાતે કાર્યરત NGO-પ્રકૃતિ મિત્ર મંડળ,ઓલ એનિમલ રેસ્ક્યુ ગ્રુપના જીવદયા પ્રેમી સભ્યો હાજર રહેલા હતા. સદર અભિયાન હેઠળની કરવામાં આવતી કામગીરીની નોંધ લેતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આ તબક્કે પશુપાલન શાખા તેમજ વનવિભાગની સંયુક્ત કામગીરીને બિરદાવી હતી. તેમજ તેઓ દ્વારા ઉપસ્થિત તમામ સ્ટાફગણને કામગીરી બાબતે મોટિવેશન તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

કુલ -૩૦ જેટલા વિવિધ પક્ષીઓને સદર અભિયાન હેઠળ રેસ્ક્યુ કરી સારવાર આપી જીવત દાન પૂરૂં પાડવામાં આવ્યું છે. પશુ તબીબ ડોકટર જયેશ પંચાલના જણાવ્યા મુજબ હાલમાં આ પક્ષીઓ ઈન્ડોર કરી સારવાર આપવામાં આવી રહી છે.

# દાહોદ જીલ્લામાં આજરોજ ૧૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

દાહોદ, દાહોદમાં કોરોનાના ૧૭ કેસો નોંધાંયાં છે. છેલ્લા એક સપ્તાહથી કોરોનાના બમણા કેસો નોંધાંતાં હતાં પરંતુ આજે મહદમ અંશે રાહત મળી હતી પરંતુ કેસો તો સામે આવી જ રહ્યાં છે. જેને પગલે લોકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. આજે એક સાથે ૨૦ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

આર.ટી.પી.સી.આર.ના ૧૯૫૭ પૈકી ૦૨ અને રેપીટ ટેસ્ટના ૩૫૮ પૈકી ૧૫ મળી આજે કુલ ૧૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાંયાં છે. આ ૧૫ પૈકી દાહોદ અર્બનમાંથી સૌથી વધુ ૧૦ કેસો નોંધાંયાં છે. ઝાલોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૨ અને દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૧ કેસ સામે આવ્યો છે. દાહોદ જિલ્લામાં અત્યાર સુધી કોરોનાનો કુલ આંકડો ૭૪૫૯ને પાર થઈ ગયો છે. આજે વધુ ૨૦ દર્દીઓ સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી ત્યારે એકટીવ કેસની કુલ સંખ્યા ૨૦૯ને પાર થઈ છે.

# દાહોદમાં વ્યાજખોરોનો આતંક ચરમસીમાએ : વ્યાજખોરોના આતંકને પગલે કેટલાંય પરિવારો બરબાદ થયાં : તંત્ર કોઈ નક્કર કામગીરી કરશે કે, દાહોદને વ્યાજખોરોના હવાલેજ મુકી દેશે ?

દાહોદ, દાહોદમાં વ્યાજખોરોના આતંક ચરમસીમાએ પહોંચ્યો છે. ભુતકાળમાં વ્યાજખોરોના આતંકથી એક વ્હોરા પરિવારે સામુહિક આત્મહત્યા કરી હતી. જે મામલો કાયમ માટે એક રહસ્ય રહી જવા પામ્યો છે. હાલ દાહોદમાં વ્યાજખોરોનું એક મજબુત નેટવર્ક ચાલે છે. આ વ્યાજખોરો જરૂરીયાતમંદ અને મજબુર લોકોને બ્લેક મેઈલ કરી રૂા. ૧૨ થી ૨૦ ટકાએ રકમ ધીરે છે અને અધધ વ્યાજ વસુલે છે, જ્યારે વ્યક્તિ દેવાદાર બની જાય ત્યારે તેની સામે કોર્ટમાં ૧૩૮ મુજબ ફરિયાદ દાખલ કરી ધમકાવે છે. કોર્ટમાં ફરિયાદ દાખલ કર્યા પછી પણ વ્યાજખોરો તેઓની પોતાની પઠાણી ઉઘરાણી ચાલુ રાખે છે તેઓમાં માનવતા જેવી કોઈ વસ્તુ નથી. વ્યાજખોરોના ખપ્પરમાં પીસાયેલ પીડીત વ્યક્તિઓની મહેનતથી વસાવેલ મિલ્કત વેચી આ વ્યાજખોરોને રૂપીયા આપે છે. આ વ્યોજખોરો ૫ લાખ સામે ૧૫ લાખ વસુલે છે તેમજ બ્લેન્ક ચેકનો દુરૂપયોગ કરી અને અલગ અલગ તારીખના ચેકો બેન્કમાં નાંખી કેસ કરે છે. દાહોદ ગોધરા રોડના એક વ્યાજખોરો સામે દાહોદ શહેર પોલીસ મથકે પાંચથી વધુ અરજીઓ પણ ગઈ છે છતાં પોલીસ તરફે તપાસના નામે મીંડુ છે. દાહોદ શહેર પોલીસની કામગીરી અને કાર્યવાહી કયાંકને કયાંક શંકાના દાયરામાં હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. જિલ્લા કક્ષાએ વ્યાજખોરોના આતંક સામે દેવાદારોને રક્ષણ મળે તે માટે જિલ્લા પોલીસ વડાએ સત્વરે હેલ્પલાઈન શરૂ કરવી જોઈએ કે, બીજા અન્ય વ્યક્તિઓની જાન બચાવી શકાય.

દાહોદ જિલ્લામાં વ્યાજખોરોનું મજબુત નેટવર્ક છે. આ વ્યાજખોરો અસામાજીક તત્વો અને પ્રેસ બળ પુરૂં પાડે છે એટલું જ નહીં આ વ્યાજખોરોને જિલ્લાના રાજકીય માથાઓના પણ છુપા આર્શિવાદ છે. જેથી જિલ્લા કક્ષાએ રજુઆતોનું સુરસુરીયું થઈ જાય છે. દાહોદ – પંચમહાલ – મહીસાગર આ ત્રણેય જિલ્લાઓમાં વ્યાજખોરોના રાફડો ફાટચો છે. કોરોના કાળમાં આ વ્યાજખોરોએ જરૂરીયાત મંદ લોકોને અધધ જેટલા વ્યાજે રૂપીયા આપી દુગના અને ચુગના નાણાં વસુલ્યાં છે તેવા આઠ થી નવ જેટલા વ્યાજખોરોના અમાનુષી ત્રાસથી દાહોદ શહેરના એક જાગૃત નાગરીકે પોતાના જાનની પરવા કર્યા વગર રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સંબંધિત વિભાગોને ન્યાયની ગુહાર લગાવી છે. હાલ આ જાગૃત નાગરીકના લેખિત નિવેદનોમાં ગમે ત્યારે પણ આ વ્યાજખોરો પૈકી અથવા સામુહિક વ્યાજખોર મંડળી બનાવી જાગૃત નાગરિકની સામે ઉભા કરી નાંખે છે, કરાવી નાંખે તેવી તેવી દ્રઢ વિશ્વાસ સાથે નિર્ભય બની ઉચ્ચ કક્ષાએ રજુઆત કરી હોવાનું જાણવા મળેલ છે. હાલ આ જાગૃત, પીડીત નાગરીકની માનસીક સ્થિતી સારી નથી. આ જાગૃત નાગરીકનો પરિવાર વેરવિખેર થઈ ગયેલ છે. આવા સંજોગોમાં એક નિર્દોષ નાગરીકને સરકાર તરફથી ન્યાય મળશે કે,કેમ?

આ એક જાગૃત નાગરીક મીડીયા જગતની વ્યક્તિ છે જેની હિંમત મરી નથી. આવનાર દિવસોમાં વ્યાજખોરો અને જાગૃત નાગરીક વરસીસ જંગમાં સત્યનો વિજય થશે કે અસત્યનો ? તે તો આવનાર સમય બતાવશે બાકી પરિણામ એક ઈતિહાસ રચશે તેમાં કોઈ બેમત નથી.

વ્યાજખોરોના અસહ્ય ત્રાસના કારણે જાગૃત, પીડીત નાગરીકે પોતાના પરિવારની સોનાની કિંમત ચીજો મુથુટ ફાઈનાન્સમાં ગીરવે મુકી આ વ્યાજખોરોને કોરોના કાળમાં માતબર વ્યાજ ચુકવેલ છે, છતાં નિર્દય વ્યાજખોરોએ પોતાની પાસે દેણદાટે આપેલ બ્લેન્ક ચેકમાં મુળ મુડડીના દુગના અને તીગના રૂપીયા ભરી કોર્ટમાં ૧૩૮ મુજબનો કેસ કરેલ છે, જ્યારે ન્યાય પાલિકાની કાર્યવાહી ચાલતી હોય ત્યારે સરકાર કે, જિલ્લા તંત્ર હસ્તક્ષેપ કરી શખે નહીં પરંતુ કોર્ટમાં કેસ કર્યા પછી પણ વ્યાજખોરો દ્વારા ધાકધમકીઓ આપવામાં આવે છે. શું તે ઉચીત છે ? શું આ વ્યાજખોરોએ કાયદો હાથમાં લીધો હોય તેવું નથી લાગતુ ? જાગૃત નાગરીકે સરકારમાં સ્પષ્ટપણે ફરિયાદ લખેલ છે કે, મારા અને મારા પરિવારની મીલકતોની તપાસ કરવામાં આવે, હાલ મારા કે, મારા પરિવારના નામે એકપણ રૂપીયાની સ્થાવર મિલકત નથી તે ચોક્કસપણે બતાવે છે કે, જાગૃત નાગરીકે વ્યાજખોરોને મુડી, વ્યાજ સહિત રૂપીયા આપી દીધા છે. છતાં વ્યાજનું વ્યાજ કાઢી આ વ્યાજખોરો રૂપીયા રૂપી ખુન ચુસી રહ્યાં છે જયારે વ્યાજખોરોની મિલકતોની તપાસ કરવામાં આવે તો કરોડોની સંપત્તિ છે તો આ સંમ્પત્તિ આવી ક્યાંથી ? આ જરૂરીયાતમંદ લોકોનું ખુન ચુસી આ મિલકતો વસાવી છે ? શું સરકાર આ દિશામાં તપાસ કરશે ખરી ? આ તપાસને જ્યુડીશીયલ સાથે કોઈ લેવા દેવા નથી.

આ વ્યાજખોરો પાસે ધીરધારનું લાયસન્સ છે કે, કેમ ? આ એક ઘનિષ્ઠ તપાસનો વિષય છે. ધીરધાર લાયસન્સની માન્યતા વગર કોઈપણ વ્યક્તિ વ્યાજે ધંધો કરી શકે નહીં તો શું આ વ્યાજખોરો સામે સાહુકાર ધારા હેઠળ ગુનો દાખલ કરવામાં વિલંબ કેમ ? શું જિલ્લા પ્રશાસન આ અંગે કોઈ નક્કર કાર્યવાહી કરશે ખરૂં ? બેનામી સંમ્પત્તિ બાબતે આયકર વિભાગ કોઈ કાર્યવાહી કરશે ખરૂં ?

# ઝાલોદના ધાવડીયા ચેક પોસ્ટ પાસે બોલેરો ગાડીમાં પોલીસ કર્મીની મદદથી લઈ જવાતો ૧.૫૪ લાખનો દારૂ ઝડપ્યો : ફરાર પોલીસ કર્મી સહિત ચાર ઈસમો વિરૂદ્ધ ફરિયાદ

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના ધાવડીયા ચેકપોસ્ટ ખાતે ચકચારી બનાવ સામે આવ્યો છે. જેમાં વિદેશી દારૂની હેરાફેરી કરી રહેલ બુટલેગરોની મદદમાં સંજેલી પોલીસ મથકના એક પોલીસ કર્મચારીએ બુટલેગરોની મદદ કરી રેડ કરતાં પોલીસ કર્મચારીઓની કાયદેસરની ફરજમાં રૂકાવટ ઉભી કરી અને પોલીસ કાફલાની સરકારી ગાડીને ટક્કર મારી હતી. સમગ્ર મામલે ઘટના સ્થળેથી પોલીસે એક બોલેરો ગાડીના ચાલકને ઝડપી પાડી રૂા. ૧,૫૪,૮૧૫ ના પ્રોહી જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૦૪,૮૧૫ના મુદ્દામાલ સાથે સંજેલી પોલીસ મથકના ફરાર પોલીસ કોન્સ્ટેબલ સહિત કુલ ચાર વ્યક્તિઓ વિરૂધ્ધ પોલીસે ગુનો નોંધી તમામના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

ગત તા.૧૫મી જાન્યુઆરીના રોજ ઝાલોદ પોલીસને મળેલ બાતમીના આધારે પોલીસે ધાવડીયા ચેકપોસ્ટ ખાતે ઝાલોદ બાયપાસથી મેલણીયા આઈ.ટી.આઈ.ના તરફવાળા રસ્તે વોચ ગોઠવી ઉભી હતી. આ દરમ્યાન ત્યાંથી એક બોલેરો ગાડી પસાર થતાં પોલીસ સાબદી બની હતી. બોલેરો ગાડી નજીક આવતાંની સાથે પોલીસે ગાડી ઉભી રખાવવાની કોશીષ કરી હતી. આ દરમ્યાન ગાડીનો ચાલક રોહીતકુમાર દિનેશભાઈ રાવત (રહે. મોટા હાથીધરા, તા.લીમખેડા, જિ.દાહોદ) અને તેની સાથે પિન્ટુ ઉર્ફે નિતીનભાઈ રચલાભાઈ પરમાર (રહે. ધામણબારી, તા.સીંગવડ, જિ.દાહોદ) નાએ પોતાના કબજાની બોલેરો ગાડી પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી ફરજમાં ઉભેલ પોલીસ કર્મચારીની ગાડીને અડફેટમાં લીધી હતી અને પોલીસ કર્મચારીની ગાડીને નુકસાન પહોંચાડ્યું હતું. આ બાદ પિન્ટુભાઈ પોલીસને ચકમો આપી નાસી ગયો હતો, જ્યારે પોલીસે ગાડીના ચાલક રોહીતકુમારને ઝડપી પાડ્યો હતો. આ દરમ્યાન સંજેલી પોલીસ મથકે પોલીસ કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવી રહેલ પ્રકાશભાઈ નરસીંગભાઈ નિનામાએ અને તેની સાથે વિદેશી દારૂ ભરી આપનાર ઠેકાના માલિક એમ આ બંન્ને જણાએ ઉપરોક્ત દારૂ ભરેલ બોલેરો ગાડીને રક્ષણ આપવા માટે અને બુટલેગરોને મદદરૂપ થવા માટે પોતાના કબજાની નંબર વગર આઈટ્ન ફોર વ્હીલર ગાડીમાં પાઈલોટીંગ કરતો હતો. પોલીસે ઝડપી પાડેલ બોલેરો ગાડીમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૫૯૬ કિંમત રૂા. ૧,૫૪,૮૧૫ના પ્રોહી જથ્થા સાથે બોલેરો ગાડીની કિંમત મળી કુલ રૂા. ૩,૦૪,૮૧૫ના મુદ્દામાલ સાથે ચાલક રોહીતકુમારની અટકાયત કરી હતી. જ્યારે તેને મદદરૂપ થનાર અને ફરાર એવા સંજેલી પોલીસ મથકના પોલીસ કોન્સ્ટેબલ પ્રકાશભાઈ અને તેમની સાથેના પિન્ટુભાઈ અને વિદેશી દારૂ ભરી આપનાર રાજસ્થાનના ઠેકાના માલિક વિરૂધ્ધ ઝાલોદ પોલીસ પ્રોહીનો ગુનો નોંધી ફરાર ઈસમોના ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# સીંગવડના મલેકપુર ગામે જમીનની તકરારમાં મારક હથિયારથી ધીંગાણું મચાવી પાંચ વ્યકિતને ઈજાઓ પહોંચાડી

દાહોદ, દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના મલેકપુર ગામે જમીન સંબંધી મામલે મહિલા સહિત ૧૧ ઈસમોના ટોળાએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી મહિલા સહિત પાંચ જેટલા વ્યક્તિઓને લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં પોલીસમાં ફરિયાદ નોંધાવવા પામી છે.

ગત તા.૧૫મી જાન્યુઆરીના રોજ મલેકપુર ગામે રહેતાં કનુભાઈ બળવંતભાઈ, ચંદ્રસિંહ બળવંતભાઈ, રમેશભાઈ બળવંતભાઈ, પ્રભાતભાઈ બળવંતભાઈ, નરવતભાઈ છગનભાઈ, મનહરભાઈ કનુભાઈ, સંજયભાઈ પ્રભાતભાઈ, કાશીબેન મનહરભાઈ, કમળાબેન ચંદ્રસિંહ, કમલેશભાઈ કનુભાઈ અને કોકીલાબેન રમેશભાઈ તમામ જાતે બારીઆનાઓએ એકસંપ થઈ ગેરકાયદે મંડળી બનાવી પોતાની સાથે મારક હથિયારો ધારણ કરી પોતાના ગામમાં રહેતાં શનાભાઈ નાનાભાઈ બારીઆના ઘરે આવ્યાં હતાં અને ચીચીયારીઓ કરી બેફામ ગાળો બોલી એકદમ ઉશ્કેરાયા હતાં અને પોતાની સાથે લાવેલ લાકડીઓ વડે અને ગડદાપાટ્ટુનો માર મારી હિતેશભાઈ, મુકેશભાઈ શનાભાઈ પારગી, શનાભાઈ અને કોકીલાબેને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત શનાભાઈ નાનાભાઈ બારીઆએ રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદમાં ઉત્તરાયણ પર્વની ધામધૂમથી ઉજવણી કરાઈ

દાહોદ, ઉત્તરાયણ પર્વની દાહોદ શહેર સહિત જિલ્લાવાસીઓએ ધામધુમથી અને પતંગ ચગાવી હર્ષોઉલ્લા સાથે ઉજવણી કરી હતી. પતંગોત્સવની ઉત્સાહભેર ઉજવણી કરી જલેબી, ફાફડા, ઉંધીંયુની પણ શહેરવાસીઓએ મીજબાની માણી હતી. વહેલી સવારથી જ લોકો પોતપોના ધાબા ઉપર ચઢી પતંગ ચગાવી ઉતરાયણ પર્વની હર્ષોઉલ્લાસ સાથે ઉજવણી કરી હતી.

કાપ્યો છે.. કાપ્યો છે.. ના અવાજથી સમગ્ર વાતાવણ ગુંજી ઉઠ્યું હતું. વહેલી સવારથી પતંગ રસીયાઓ પતંગો અને માંજાઓ સાથે પોતપોતાના ધાબા ઉપર ચઢી ગયાં હતાં. પગંત ચગાવી અને જલેબી, ફાફડા, ઉંધીયુંની મીજબાણી માણી આખો દિવસ ઉત્સવ ઉજવ્યો હતો. કડકડી ઠંડી વચ્ચે પણ પતંગ રસીઓએ ઉત્સાહ ભેર પતંગ ચગાવી હતી. દરેકના ધાભા ઉપર ડી.જે. સહિતના વાંજીત્રો સાથે લોકોએ ઉત્સવ મનાવ્યો હતો. પવન પણ વહેલી સવારથી સારો એવો હતો જેથી પતંગ રસીઓએ હર્ષોઉલ્લા સાથે પતંગ ચગાવી હતી. સાંજ પડતાં લોકોએ આતશબાજી કરી હતી. ફડાકડા ફોડી ઘણા લોકોએ પોતપોતાના ધાબા ઉપર ડી.જે.ના તાલે ઝુમ્યાં પણ હતાં. વહેલી સવારથી જ શહેરમાં જલેબી, ફાફડા, ઉંધીયુંના સ્ટોલો લાગી ગયાં હતાં. જલેબી, ફાફડા, ઉંધીયુ ખરીદવા લોકોની ભીડ પણ જામી હતી. આજે બીજા દિવસે પણ લોકોએ વાસી ઉતરાયણની ઉજવણી કરી હતી.

# ઝાલોદના લીમડી નગર માંથી બાઈકની ચોરી કરી

દાહોદ, દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં ગોધરા રોડ તરફથી એક મોટરસાયકલની અજાણ્યા ઈસમો દ્વારા ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.

ગત તારીખ ૧૩મી જાન્યુઆરીના રોજ ઝાલોદ તાલુકાના કલજીની સરસવાણી ગામે રહેતા અને હાલ મલવાસી ગામે રહેતા સંજયભાઈ નંદુભાઈ વસૈયા ઝાલોદ તાલુકાના લીમડી નગરમાં આવ્યા હતા અને પોતાની મોટરસાયકલ ગોધરા રોડ તરફ લોક મારી પાર્ક કરી કોઈ કામ અર્થે નીકળ્યા હતા. ત્યારે આ મોટર સાયકલને કોઈ ચણિયાચોરી સમાજ દ્વારા મોટરસાઈકલ લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે સંજયભાઈ ચંદુભાઈ વસૈયા દ્વારા લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.123

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# ગોધરા તાલુકાના ઓરવાડા ગામનું સિંચાઈ તળાવ થકી સિંચાઈની સુવિધા છતાં નાની સિંચાઈ વિભાગની અનઘડ વહીવટને લઈ ખેડુતો સિંચાઈથી વંચિત





ગોધરા, પંચમહાલ જીલ્લાનો મોટા પ્રમાણમાં વિસ્તાર પહાડી હોવાના કારણે સિંચાઈની સુવિધા પુરતા પ્રમાણમાં નથી. જીલ્લામાં કયાંક મોટા સિંચાઈ તળાવો માંથી નાની સિંચાઈ વિભાગ દ્વારા તળાવના પાણી સિંચાઈ માટે ઉપયોગ કરવામાં આવે છે. હાલ રવિ સીઝન હોય ખેડુતો દ્વારા મોટા પ્રમાણમાં સિંચાઈ તળવો આધારીત ખેતી કરતા હોય છે, પરંતુ નાની સિંચાઈ વિભાગના અધિકારીઓની અણઆવડતના કારણે આવી નાની સિંચાઈ યોજનાઓના લાભ ખેડુતોને મળતો નથી. તેવું ગોધરા તાલુકાના ઓરવાડા સિંચાઈ તળાવ આધારીત ખેતી કરતા ખેડુતો થકી સામે આવ્યું છે.

ગોધરા તાલુકાના પૂર્વ પટ્ટા વિસ્તારમાં આવેલ ઓરવાડા ગામ અને અહીં આવેલ મોટું ઐતિહાસીક તળાવ જેમાં ભરપુર પાણીની આવક થાય છે અને કહેવાય છે કે, સાત દુકાળ પડે તો પણ ઓરવાડા તળાવનું પાણી ખુટતું નથી. તેમ છતાં જીલ્લાની નાની સિંચાઈ વિભાગના ઈજનેરોને આ સિંચાઈ તળાવના પાણીનો ઉપયોગ કરવાની અને તેનો લાભ ખેડુતોને આપવાની પડી નથી. ઓરવાડા તળાવ માંથી આસપાસના ૪ થી ૫ ગામોના ખેતરોમાં સિંચાઈનું પાણી મળી શકે તેમ છે અને ૧૦૦ ઉપરાંત ખેડુતો સિંચાઈ આધારીત ખેતીનો લાભ લઈ શકે અને ઘંઉ, મકાઈ અને ચણા જેવી ખેતી પણ કરી શકે છે, પરંતુ સિંચાઈ તળાવ માંથી પાણી બહાર કાઢવા અને કેનાલની મરામત કામગીરીમાં વેઠ ઉતારવાને લઈ ખેડુતો છતાં પાણીએ પાણી વગર રહેવાનો વખત આવ્યો છે. નાની સિંચાઈ વિભાગ દ્વારા માત્ર દેખાડો કરવા પુરતા કેનાલની કામ કર્યા હોય તેમ કેનાલ જ્યાં બંધ થઈ ગયેલ છે. તેને ખોલવામાં નથી આવી તેમજ કેનાલમાં ઝાડી-ઝાંખરાન એટલા મોટા પ્રમાણમાં થઈ ગયા છે કે, કેનાલ માંથી પાણીનું વહન થવું શકય નથી સાથે કેનાલમાં માટીનું પુરણ થઈ ગયેલ હોવાનું દેખાઈ રહ્યું છે. નાની સિંચાઈ વિભાગ દ્વારા કેનાલની મરામત કામગીરી કરવામાં આવે છે. તેમાં કોન્ટ્રાકટર દ્વારા તળાવ કે કેનાલમાં તુટક-તુટક કામગીરી કરવામાં આવી હોવાને લઈ કેનાલમાં સિંચાઈનું પાણી જઈ શકે તેમ નથી. તેમાં પણ સિંચાઈ કુવાની મરામત કરવામાં આવી નથી. આમ, નાની સિંચાઈ વિભાગ દ્વારા ઓરવાડા સિંચાઈ તળાવની મરામત યોગ્ય નહીં કરીને માત્ર કેનાલની મરામતના નામે ખાયકી કરવામાં આવી હોય તેમ લાગી રહ્યું છે. હાલ ઓરવાડા સિંચાઈ તળાવ આધારીત રવિ સીઝનની ખેતી કરતાં ખેડુતો છતાં પાણીએ પાણીથી વંચિત રહ્યા છે અને તેના માટે નાની સિંચાઈ વિભાગના અધિકારીઓની બેદરકારી હોવાનો આક્ષેપ પણ કરી રહ્યા છે. ગોધરા તાલુકાના પૂર્વ વિસ્તારોના ગામોમાં આંમ, પણ સિંચાઈની સુવિધાનો અભાવ છે અને જ્યાં સિંચાઈ તળાવ થકી સિંચાઈનો લાભ ખેડુતોને મીળ શકે તેમ છે. તેમ છતાં આવી સિંચાઈ યોજનાઓના વહીવટ કરતાં નાની સિંચાઈ વિભાગની કચેરી દ્વારા ઓરવાડા સિંચાઈ તળાવની કેનાલની તેમજ કુવાની યોગ્ય મરામત કામગીરી કરીને ઓરવાડા સિંચાઈ તળાવના પિયતનો લાભ ખેડુતો સુધી પહોંચાડવાના પ્રયત્ન કરે ખરૂં...?

ઓરવાડા સિંચાઈ તળાવ આધારીત રવિ સીઝનનો પાક ખેડુતો લેતા હોય છે. સિંચાઈ તળાવની જાળવણી અને મરામતની કામગીરી નાની સિંચાઈ વિભાગ હસ્તક આવે છે પરંતુ અધિકારીઓની બેદરકારી જોવા મળી છે. ઓરવાડા તળાવને જોડતી કેનાલની મરામત કામગીરી કરતાં કોન્ટ્રાકટર દ્વારા તુટક-તુટક કામગીરી કરવામાં આવી છે. કુવાની મરામત કરવામાં આવી નથી. પરિણામે ખેડુતોની સિંચાઈનું પાણી મળી રહ્યું નથી. ખેડુતોને છતાં પાણીએ વલખાં મારવા પડે છે. :- મગનભાઈ પગી, સ્થાનિક ખેડુત...

નાની સિંચાઈ અધિકારી ઓરવાડા તળાવની કેનાલની મરામતની કામગીરી કરવામાં આવી છે. અમુક જગ્યાએ કામ કરવામાં આવ્યું નથી. તે ટુંક સમયમાં પુરું કરાશે. :- ગૌરાંગ પટેલ, ના.કા.ઈજેનર, નાની સિંચાઈ...

ઓરવાડા સિંચાઈ તળાવની નહેરનું નાની સિંચાઈ વિભાગના કોન્ટ્રાકટર દ્વારા નહેરની મરામત હાથ ધરવામાં આવી હતી. તેમાં કોન્ટ્રાકટર દ્વારા તુટક તુટક કામગીરી કરવામાં આવી છે. જ્યારે કુવાની મરામત કરવામાં આવી નથી. અધુરી કમાગીરીને લઈ ખેડુત દ્વારા ૩/૧૨/૨૦ના રોજ નાની સિંચાઈ અધિકારીને લેખિત રજુઆત કરી છે. તેમ છતાં તંત્રના બહેરા કાને વાત પહોંચી નથી.:- અરવિંદ પરમાર...

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૧૧ કોરોના કેસ નોંધાયા

## એક કોરોના પોઝીટીવ વ્યકિતનું મોત થતાં કોવિડ ગાઈડ લાઈન મુજબ આર.એસ.એસ.ના યુવાનો દ્વારા અંતિમ સંસ્કાર કરાયો

ગોધરા, પંચમહાલ જીલ્લામાં આજરોજ કોરોના પોઝીટીવ ૧૧ કેસ નવા નોંધાવા પામ્યા છે. જેની સામે ૪૨ કોરોના દર્દીઓ સાજા થતાં રજા અપાઈ છે. હાલ જીલ્લામાં ૧૫૯ કોરોના એકટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવના કારણે એક વ્યકિતનું મોત નિપજાતા કોવિડ ગાઈડ લાઈન મુજબ આર.એસ.એસ.ના યુવાનો એ પીપી કીટ પહેરીને અંતિમ સંસ્કાર કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

પંચમહાલ જીલ્લામાં છેલ્લા એક દોઢ સપ્તાહ થી કોરોના સંક્રમણના કેસમાં ઉછાળો નોંધાયો હતો. તેની સામે આજરોજ પંચમહાલ જીલ્લામાં ૧૧ કોરોના પોઝીટીવ કેસ નવા નોંધાવા પામ્યા છે. જીલ્લામાં વધતા જતાં કોરોના સંક્રમણને લઈ જીલ્લા આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓ પૈકી ૪૨ દર્દીઓ કોરોના મુકત થતાં રજા અપાઈ છે. જ્યારે હાલ જીલ્લામાં ૧૫૯ કોરોના દર્દીઓ સારવાર લઈ રહ્યા છે. જીલ્લામાં કોરોના સંક્રમિત દર્દીઓના રીકવરી રેટ પણ સારો જોવા મળી રહ્યો છે.

ગોધરામાં કોવિડ પોઝીટીવના કારણે એક વ્યકિતનું સારવાર દરમિયાન મોત નિપજતા તેઓનું કોવિડ ગાઈડ લાઈન મુજબ આર.એસ.એસ.ના યુવાનોએ પીપી કીટ પહેરીને ગોધરા સ્મશાનમાં અંતિમવીધી કરવામાં આવી છે. જોકે, પંચમહાલ જીલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલ કોરોના યાદીમાં કોરોનામાં એક વ્યકિતના મોતનો આંક દર્શાવ્યો નથી પરંતુ ગોધરા સ્મશાન કોવિડ ગાઈડ લાઈન મુજબ અંતિમવિધી કરવામાં આવી છે.

# પંચમહાલ જિલ્લા સહિત ગોધરા શહેરમાં ઉતરાયણ અને વાસી ઉતરાયણ પર્વની પ્રજાજનો એ સાદગીથી ઉજવણી કરી...કાપ્યો છે... એ લપેટની ચિચિયારીઓ વચ્ચે ઉતરાયણ પર્વની ઉજવણી કરી







ગોધરા, પરંતુ આજ ની પેઢી એવા યુવાનો માં પર્વની ઉજવણી માં રસ ઓછો જોવા મળ્યો.ત્યારે લોકોમાં એક ચર્ચા મુજબ આજથી કેટલાક વર્ષો પહેલાં જયારે મોબાઈલ યુગ નહોતો ત્યારે લોકો મન ભરીને તહેવાર ની ઉજવણી કરતા હતા. એ ઉજવણી આજે ઓસરવા પામી છે.કોરોના ગાઈડ લાઈન ને અનુસરવા ના ચક્કરમાં કે પછી કોરોના સામે સાવચેતી બતાવતા હોય તેમ અગાસી, ધાબાઓ ખાલી જોવા મળ્યા.ઉતરાયણ પર્વની જિલ્લા સહિત ગોધરા શહેરમાં ઉજવણી કરતા શહેરીજનોએ ઉંધીયું,જલેબી, ફાફડાની જયાફત ઉડાવી હતી. ત્યારે શહેરીજનો લાખો રૂપિયાનું ઉંધીયું ઝાપટી ગયા હતા.ગોધરા શહેર સહિત પંચમહાલ જિલ્લામાં પ્રજાજનોએ ઉતરાયણ અને વાસી ઉતરાયણની સાદગીથી ઉજવણી કરી હતી. ત્યારે બંને દિવસ સાનુકુળ પવનના સથવારે લોકોએ પર્વની ઉજવણી કરી હતી.ત્યારે ઉતરાયણ પર્વમાં ગરીબ અને જરૂરિયાતમંદ લોકોને દાન પુણ્ય કરવાનું અનેરૂં મહત્વ હોય છે. ત્યારે લોકોએ તેમજ શહેરની અને જિલ્લાભરની સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ દ્વારા દાન પુણ્યનો ધોધવહેવડાવી માનવતા મહેકાવી હતી. ત્યારે પાછલા બે ત્રણ વર્ષથી કોરોનાના લીધે દરેક તહેવારની ઉજવણીની રોનક જતી રહી હોય તેમ આ પર્વની ઉજવણી પણ લોકોએ સાદગી થી કરતાં જોવા મળ્યા હતા. ત્યારે પર્વની ઉજવણી લોકોએ ફિક્કી કરી હતી. બીજી તરફ યુવાનોમાં પણ તહેવારની ઉજવણી માં કોઈ રસના દાખવતા હોય તેમ સોશિયલ મીડિયામાં પોતાની સેલ્ફી મૂકવાનો ક્રેઝ વધુ જોવા મળ્યો હતો. ત્યારે સરકારના કોરોના વાયરસને લઈ આદેશ અનુસાર આ વર્ષે પણ લોકોએ પોતાના ધાબા અગાસી પર ડી.જે.સિસ્ટમ કે હોમ થિયેટર મૂકવાનું ટાળ્યું હતું.

# ગોધરાના બહારપૂરા વિસ્તારમાં ૧૩ વર્ષથી ગરીબ વિદ્યાર્થીઓના ભવિષ્યનું સિંચન સાથે ઉત્તરાયણનો પર્વ ઉત્સાહ પૂર્વક ઉજવણી કરી



ગોધરા, પંચમહાલ જિલ્લાના પાટનગર ગોધરામાં ૧૩ વર્ષથી મફત શિક્ષણ કોચિંગ કલાસ ધોરણ ૦૧ થી ૦૯ના ગરીબ અને મધ્યમ વર્ગના નિઃસહાય અને આર્થિક રીતે નબળા અને અનાથ એવા ૧૩૦ થી ઉપરાંત બાળકોને વિનામૂલ્યે નિઃસ્વાર્થ ખાતર આપવામાં આવે છે, અગાઉ સેંકડો વિદ્યાર્થીઓને નિઃશુલ્ક શિક્ષણ આપી ચૂક્યા છે. માનવ ધર્મનાં મસીહા તરીકે જાણીતાં અને એકતાના પ્રતિક, મુસ્લિમ સમાજનો સામાન્ય પરિવાર માથી આવતો શિક્ષક ઈમરાન લગાતાર શિક્ષણ રામાપીર મંદિરમાં આપી રહ્યા છે. શિક્ષણની ગુણવત્તા સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યાં છે. તમામ તહેવારો અને ધાર્મિક કાર્યક્રમો વગેરે એક મેક થી આ વિસ્તારમાં કરી રહ્યા છે.

મકરસંક્રાંતિનો પ્રારંભ પતંગ મહોત્સવ અંતર્ગત આજે બપોરે ત્રણ વાગ્યે સરકારની ગાઈડ લાઈન પ્રમાણે દરેક વ્યક્તિ અને વિદ્યાર્થીઓએ માસ્ક પહેરીને બે વચ્ચે અંતર રાખીને ૧૩ વર્ષથી લગાતાર શિક્ષણ આપી રહ્યા છે. તેવાં શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષક ઈમરાન અને વાલીઓ અને વિદ્યાર્થીઓ, વડીલો અને સ્થાનિક લોકો સાથે હરીમળીને ગોધરા શહેર મજ નહીં પરંતુ પૂરા ભારત દેશમાં કોમી એકતા અને અખંડિતતા જળવાઈ રહે તે હેતુથી પતંગ મહોત્સવની ઉજવણી કરવામાં આવી છે. બાળકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. બાળકોના પતંગ રસિયાઓ થી એ.... એ..... કાપ્યો છે....એ.......એ.....લપેટ ના પીપોડીના અવાજ ચો તરફ ગુંજીયા હતા.એક મુસ્લિમ યુવા શિક્ષક પોતે પોતાનો પ્રથમ ધર્મ માનવતા જ મારો ધર્મ છે. આપને જ્ઞાતિ, જાતિ, ઉચ્ચ નીચના ભેદભાવ પર પૂર્ણવિરામ મૂકી ઈમરાન દરેક સમાજના લોકો સાથે પતંગ મહોત્સવ દરમિયાન આકાશમાં રંગબેરંગી પતંગોની જેમ જ આપને સૌને એક થવાની જરૂર છે. તેવી અપીલ સાથે બાળકો એ પ્રાર્થના કરી હતી કે, આપનો દેશ કોરોના મહામારી વચ્ચે આખું દેશ ચિંતિત છે. અને તમામ દેશના નાગરિકોને અપીલ કરી હતી કે સરકારની ગાઈડ લાઈન પ્રમાણે માસ્ક પહેરો અને બે વચ્ચે અંતર જાળવો. કોરોના મહામારી થી આપનો દેશ મુકત થાય તે માટે ગરીબ અને મધ્યમ વર્ગના બાળકો પ્રાર્થના કરી હતી.

ગોધરાની છબી સુંદરમય બની શકે તે હેતુથી એકતા અને ભાઈચારો બની રહે તેવી તમામ સમાજ સાથે લગાતાર શિક્ષક ઈમરાન સંકળાયેલા છે. ખ્યાતનામ એવા ડોકટર સુજાત વાલી અને ઈમરાનનો હિન્દુ સમાજ, મુસ્લિમ સમાજ વાલ્મીકિ સમાજ, માલવાડી સમાજ વગેરેએ ૧૩ વર્ષથી શિક્ષક ઈમરાનની નિઃશુલ્ક વિદ્યાદાનની સેવાભાવના નિઃશુલ્ક, નિઃસ્વાર્થ પ્રેમ અને લાગણી સાથે કરવા બદલ અભિનંદન, શુભકામનાઓ પાઠવી હતી તમામ લોકોએ આભાર માન્યો હતો

# ગોધરાની શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ દ્વારા ઉત્તરાયણની અનોખી રીતે ઊજવણી કરવામાં આવી




ગોધરા, ગોધરાની શેઠ પી. ટી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજના એન.એસ.એસ.વિભાગ દ્વારા સતત ૮ વર્ષથી અનાથ બાળકોની સાથે ઉત્તરાયણની ઊજવણી કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે ઉત્તરાયણની ઊજવણી પણ અનાથ બાળકોની સાથે કરવામાં આવી. કાર્યક્રમ માં સૌપ્રથમ ચિલ્ડ્રન હોમના મેનેજર ઈલાબેન જોષી, સુપ્રીટેન્ડેન્ટ ઈલેશભાઈ તથા કાઉન્સિલર અલ્પેશભાઈ તથા બાળકોનું પુષ્પગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને પતંગ-દોરી મીઠાઈ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. એન.એસ.એસ.ના વોલેન્ટીઅરસ દ્વારા બાળકો સાથે પતંગ ચગાવીને ખૂબ જ આનંદ માણ્યો હતો. કાર્યક્રમના અંતે શેઠ પી.ટી. આર્ટસ એન્ડ સાયન્સ કોલેજના એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડો. રૂપેશ એન. નાકર દ્વારા ચિલ્ડ્રન હોમના મેનેજર ઈલાબેન જોષીનો આભાર વ્યક્ત કર્યો હતો.

# શહેરાના અણીયાદ ગામેથી બે લાખનો ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી પાડતી એલ.સી.બી.પોલીસ

શહેરા, શહેરા તાલુકાના અણીયાદ ગામે રહેતા ઈસમ પોતાના ઘર પાછળના ભાગે ઘાસમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી ૨,૦૮,૫૬૦/- રૂપીયાના દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો શહેરા તાલુકાના અણીયાદ ગામે લાલસરી ફળીયામાં રહેતા રાજેશ ઉર્ફે લાલો સરજનભાઈ ચૌહાણ મોટા પ્રમાણમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવેલ છે અને ફળીયામાં રહેતા ભલાભાઈ પરમાર અને રંગીતભાઈ પરમારના ઘર પાછળ ઘાસની ગંજીમાં દારૂ સંતાડી રાખેલ છે. તેવી બાતમીના આધારે ગોધરા એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમ્યાન માઉન્ટન ૬૦૦૦ સુપર ફાઈગ બીયર પેટી નંગ-૧૭, રોયલ બ્યુ મલ્ટ વ્હીસ્કી કવાટરીયા પેટી નંગ-૧૬ મળી કિંમત ૨,૦૮,૫૬૦/-રૂપીયાનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે શહેરા પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ત્રણ ઈસમો વિરૂદ્ધ ગુનો નોંધાવામાં આવ્યો છે.